ક્રિમી. કેસ નં.૪૭૭૩/૨૦૦૯

## –:: **આંક–૧ લગત હુકમ** ::–

સદર કામનું રેર્કડ જોતા આરોપીની ગેરહાજરીના કારણે કામ ડોરમન્ટ ફાઇલ ઉપર મુકવામાં આવેલ હતુ. ડોરમન્ટ બાદ પણ સદર કામે કામગીરીઓ કાઢવામાં આવેલ છે જે પૈકી કોઇ કામગીરી બજેલ નથી / ઘણી કામગીરી પરત થયેલ નથી તેમજ કોઇ હાજર થયેલ નથી. સદર કામો ઘણા વર્ષો જુના છે. આજરોજ એપીપીશ્રી દ્રારા રાજકોટના ના. કલેકટરશ્રીના હુકમ નં.નાં.જે–એકસ–ડોરમન્ટ કેસ – ફા નં.૨૭/૨૦૨૨ તા.૦૧/૧૧/૨૦૨૨ના આધારે ક્રીમી. પ્રોસી. કોડની કલમ–૩૨૧ મુજબ સદર કેસ વિડ્રો કરવા માટેની એટલે કે પરત ખેંચવાની પરવાનગી અરજી અને પુરસીસ રજુ કરેલ છે. જે પરવાનગી અરજી કલેકટરશ્રીનો હુકમ અને રેર્કડ જોતા મંજુર કરેલ છે અને પુરસીસ કામમાં દાખલ કરેલ છે. આમ હાલનો કેસ સરકાર વતી એપીપીશ્રી પરત ખેંચતા હોય જેથી સદર પુરસીસ ધ્યાને રાખી હાલનો કેસ તે રીતે વિડ્રોથી ફેસલ કરવાનો હુકમ કરવામાં આવે છે અને આરોપીઓને ડીસ્ચાર્જ કરવાનો હુકમ કરવામાં આવે છે.

સદર કામે કબજે કરેલ કીંમતી મુદ્દામાલ બાબતે જો કોઇ વચગાળાનો હુકમ થયેલ હોય તો તે કાયમી કરવામાં આવે છે. જો કોઇ હુકમ થયેલ ન હોય તો પોલીસે મુદ્દામાલના માલીકની તપાસ કરી મુદ્દામાલ તેના માલીકને સોંપવાનો હુકમ કરવામાં આવે છે. યોગ્ય અને પુરતી તપાસ બાદ અને પુરતો સમય રાહ જોવા છતા જો માલીક મળી ન આવે તો સદર મીલકતની નીયમોનુસાર હરાજી કરી તેના નાણા સરકાર જમા કરાવવાનો હુકમ કરવામાં આવે છે.

બીનકીમતી મુદ્દામાલનો નીયમો મુજબ નાશ કરવાનો હુકમ કરવામાં આવે છે.

હુકમ આજ તારીખ–૧૨/૧૧/૨૦૨૨ ના રોજ વાંચી સંભળાવી લોક અદાલતમાં જાહેર કર્યો.

સ્થળ : રાજકોટ<br>
તારીખ: ૧૨/૧૧/૨૦૨૨

**(નરેશ રામચંદ્ર વધવાણી)**<br>
સ્પે. સીટીંગ મેજી., ટ્રાફીક કોર્ટ, રાજકોટ